કિરણ હોસ્પિટલમાં ફેઝ-૨નું બેથી વધુ વખત રક્તદાન કરનારાઓના હસ્તે ૨૨ જાન્યુઆરીએ લોકાર્પણ કરાશે

સુરત, તા.૨૧

કિરણ હોસ્પિટલના ફેઝ-૨નું ઓપનીંગ આગામી ૨૨ જાન્યુઆરી-૨૦૨૩ના રોજ થવા જઈ રહ્યું છે. ખાસ કરીને માનવપ્રેમી રક્તદાતાઓના માનમાં રક્તદાતાઓના હસ્તે જ કિરણ હોસ્પિટલ ફેઝ-૨નુ લોકાર્પણ કરવામાં આવશે તેવું ચેરમેન મથુર સવાણીએ જણાવ્યું હતું. બે થી વધારે વખત રક્તદાન કરનાર રક્તદાતાઓને ૧૫મી જાન્યુઆરી સુધી રજિસ્ટ્રેશન કરવામાં આવશે અને તેમાંથી ૬ જેટલા રક્તદાતાઓની પસંદગી કરી તેમના હાથે ઓપનીંગ કરવામાં આવશે.

કિરણ હોસ્પિટલના ચેરમેન મથુર સવાણીએ પ્રેસ કોન્ફરન્સ સંબોધતા જણાવ્યું હતું કે, કિરણ હોસ્પિટલના પ્રથમ ફેઝનું લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ૬ વર્ષમાં ૨૧ લાખથી વધારે દર્દીઓએ કિરણ હોસ્પિટલની સેવાનો લાભ લીધો છે. કિરણ હોસ્પિટલમાં આવતા દરદીઓની સંખ્યા વધતા તમામ વિભાગોમાં ૫૫૦ બેડની વ્યવસ્થા નાની પડવા લાગી હતી. તેથી ૩૫૦ બેડના વધારા સાથે ૯૦૦ બેડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે.

વધુ માહિતી આપતા મથુરભાઈએ જણાવ્યું હતુ કે આ ઉપરાંત આ ફેઝ-2નું લોકાર્પણ 22 જાન્યુઆરીમાં થવા જઈ રહ્યું છે. અને ફેઝ-૨નુ લોકાર્પણ ખાસ કરીને રક્તદાતાઓના માનમાં કરવામાં આવશે. અને રક્તદાતાઓના વરદ હસ્તે જ ફેઝ-૨નું લોકાર્પણ કરવામાં આવશે. જે રકતદાતાઓએ બે થી વધારે વખત રકતદાન કર્યુ હોય તેવા દાતાઓ ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં www.kiranhospital.com વેબસાઈટ પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. રજીસ્ટ્રેશન થયેલ રક્તદાતાઓનો 15 જાન્યુઆરીએ ડ્રો કરવામાં આવશે. જે પૈકી ૩ ભાઈઓ અને ૩ બહેનોની પસંદગી કરવામાં આવશે. આ પસંદગી થયેલા રકતદાતાઓના વરદ હસ્તે હોસ્પિટલના ફેઝ-૨ નું ઓપનીંગ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે કિરણ હોસ્પિટલ દ્વારા રક્તદાનને લઈને મહત્વની ભૂમિકા ભજવવામાં આવી રહી છે. કિરણ હોસ્પિટલમાં દોઢ વર્ષથી દક્ષિણ ગુજરાતમાં દાખલ દર્દીઓને લોહીની ઉણપ ન સર્જાય તે માટે વિના મૂલ્યે લોહી આપવામાં આવે છે. હાલના સમયમાં હોસ્પિટલમાં દિવસ દરમિયાન 100 લોહીની બોટલ જરૂરિયાતમંદ લોકોને આપવામાં આવે છે. ભવિષ્યમાં કિરણ હોસ્પિટલ દ્વારા 300 બોટલ દિવસ દરમિયાન જરૂરિયાત મંદ લોકોને આપવામાં આવે તે માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે.

હોસ્પિટલમાં ૩૫૦ બેડનો વધારો કરી ૯૦૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી, દર્દીઓને વધુ સારી સેવા મળતી થશે

સુરતના શિવમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અમરેલીના લાઠીમાં મોરારિબાપુની શિવમ રામકથા યોજાશે

સુરત, તા.૨૧

શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ-શિવમ જવેલ્સ દ્વારા 'શિવમ-રામકથા'નું અમરેલીના લાઠીમાં આયોજન થઈ રહ્યું છે. મોરારીબાપુના મુખે ભગવાન શ્રીરામના જીવનચરિત્રનું રસપાન થશે, સાથે આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સામાજિક, કાર્યોનો મહામહોત્સવ ઉજવાશે.

આજરોજ યોજાયેલ પત્રકાર પરિષદમાં આયોજકો દ્વારા માહિતી આપવામાં આવી હતી કે ગુજરાતના અમરેલીમાં શિવમ ધામ લાઠી ખાતે 24મી ડિસેમ્બર 2022 થી 1 જાન્યુઆરી 2023 સુધી ચાલી રહેલી રામકથા એ મોરારી બાપુની 909મી રામ કથા છે અને તે 71 એકર જગ્યા પર ફેલાયેલી છે અને તે અત્યાર સુધીની સૌથી મોટી કથાઓમાંની એક કથા છે. દરમિયાન અનેક વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં દિકરીઓના લગ્ન, ત્રણ ગુજરાતની પ્રખ્યાત કલાકારોના અલગ અલગ દિવસોમાં ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર લાઠી ભક્તિમય વાતાવરણમાં રંગાઈ જશે.

આ કથાને લઈને ખાસ શિવનું નિવાસસ્થાન: મુખ્ય પ્રવેશદ્વાર પર રચાયેલ 450 ફૂટનું હિમાલય તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં 35 ફુટની આદીયોગીની શિવ પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. 1200 થી વધુ સ્વયમ સેવકો ખડે પગે કથામાં સેવા આપશે અને 9 દિવસ દરમિયાન 4 લાખથી વધુ લોકોને ભોજન પ્રસાદી પિરસવામાં આવશે.

રામકથામાં ભગવાન રામના જીવનચરિત્રનું રસપાન કરાવવા સાથે આધ્યાત્મિક, સાંસ્કૃતિક કાર્યોનો મહોત્સવ ઉજવાશે

ડિંડોલીના યુવાનનું અચાનક તબિયત લથડતાં મોત ઝેરી દારૂ પીવાથી મોતની અફવા ફેલાતા દોડધામ

સુરત, તા.૨૧

ડિંડોલી ખાતે રહેતા યુવકની ઘર પાસે અચાનક તબીયત લથડતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોસ્ટમોર્ટમમાં પ્રાથમિક તબક્કે તેનુ મોત લિવર ફેલ થવાના કારણે થયું હોવાનું પોસ્ટમોર્ટમ કરનાર તબીબે જણાવ્યું હતું. જ્યારે બીજી તરફ મૃતકનું મોત લઠ્ઠાકાંડના કારણે થયુ હોવાની અફવા ફેલાતા ડિંડોલી પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. મૃતકનુ મોતનુ ચોક્કસ કારણ જાણવા જરૂરી વિશેરા એફ.એસ.એલ અને પેથોલોજી લેબમાં મોકલવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, ડિંડોલી શાકભાજી માર્કેટ પાસે રહેતો વિક્કી દિલીપ આગડે(ઉ.વ.૩૦) મૂળ મહારાષ્ટ્રના અમલનેરનો વતની હતો. આજે બપોરે સાડા ૧૧ વાગ્યાના અરસામાં વિક્કી આગડેની અચાનક તબીયત બગડી હતી. જેથી પરિવારે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જેથી ૧૦૮ મારફતે તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પર હાજર તબીબે ડો.નિશાચંદ્રએ મૃત જાહેર કર્યો હતો. ડિંડોલી પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી. ડિંડોલી પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી. ડિંડોલી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

મૃતક વિક્કી આગડેનુ મોત દેશી દારૂ(લઠ્ઠાકાંડ) પીવાથીમાં થયુ હોવાની અફવાઓ ફેલાઈ હતી. જેના પગલે ડિંડોલી પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી.

મૃતક વિક્કીનુ પોસ્ટમોર્ટમ કરનાર સીએમઓ તેજસભાઈએ વાતચીતમાં જણાવ્યુ હતુ કે મૃતકનુ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. પ્રાથમિક તબક્કે મૃતકનું મોત લીવર ફેઈલ થવાના કારણે થયુ હોવાનું જણાય છે. આ ઉપરાંત મોતનું ચોક્કસ કારણ જાણવા માટે એફ.એસ.એલ અને પેથોલોજી લેબમાં જરૂરી વિશેરા મોકલવામાં આવ્યા હોવાનું પણ જણાવ્યું હતું. મૃતકના ભાઈ જીતુ આગડેએ જણાવ્યું હતું મૃતક વિક્કી ડિંડોલીમાં ચાલતા દારૂના અડ્ડા ઉપર કામ કરતો હતો. તેને દરરોજ દારૂ પીવાની ટેવ હતી.

દારૂના અડ્ડા ઉપર કામ કરતો અને દારૂ પીવાની કુટેવ ધરાવતો વિક્કી આગડેનું લીવર ફેઈલ થવાથી મોત નીપજ્યું

કાપોદ્રામાં ઘરકાંકાસમાં એમ્બ્રોઈડરી ડિઝાઈનરની પત્નીનો આપઘાત

સુરત, તા.૨૧

કાપોદ્રા કિરણપાર્ક સોસાયટીમાં રહેતા એમ્બ્રોઈડરી ડિઝાઈનરની પત્નીએ ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લીધી હતી. પરિણીતાએ ગૃહકંકાસથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

કાપોદ્રા નાલંદા વિદ્યાલયની નજીક આવેલી કિરણ પાર્ક સોસાયટીમાં રહેતા નિલેષ સુતરીયા મૂળ ભાવનગરના વતની છે. એમ્બ્રોઈડરી ડિઝાઈનર તરીકે નોકરી કરતા નિલેષભાઈની 33 વર્ષીય પત્ની નિલમ સુતરીયાએ ગઈ કાલે સવારે પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લીધી હતી.

કાપોદ્રા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. તપાસ અધિકારી એએસઆઈ પ્રકાશભાઈએ જણાવ્યું હતું કે નિલમબેનને સંયુક્ત કુટુંબમાં રહેવાનું ગમતું ન હતું.

જેને કારણે ઘરકંકાશ થતો રહેતો હતો. જેને પગલે તેણે આ પગલું ભરી લીધું હોવાનું પ્રાથમિક કારણ બહાર આવ્યું છે.

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: સુમિટ નં.802, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - 400069.
સુરત પરવત પાટીયા શાખા: દુકાન નં, 115 અને 116, પહેલો માળ, ટાઇમ્સ સ્કવેર, ડીએમ લેન્ડમાર્કની સામે, ટેક્ષટાઇલ માર્કેટ, પરવત પાટીયા, મગોબ, સુરત -૩૯૫૦૧૦(ગુજ.)
સુરત શાખા: ઓફિસ નં. 209 અને 210, 2 જો માળ, યુનિવર્સલ બિઝનેસ સેન્ટર, મધુવન સર્કલ નજીક, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત - 395 009 (ગુજ.).

પરિશિષ્ટ-૪ કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, **આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકંસ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-૨૦૦૨ના ઉપરોક્ત કાયદાના ખંડ ૧૩(૧૨) ની સાથે નિયમ ૩ ને વંચાણે લેતાં આપવામાં આવેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ દેવાદાર, ગેરેન્ટર, સહદેવાદારોને નીચે જણાવ્યા મુજબની રકમ નોટીસ મળ્યાની તારીખથી દિવસ ૬૦માં ભરી જવા માટે ડિમાન્ડ નોટીસ મોકલાવી હતી. પક્ષકારો નોટીસમાં જણાવવામાં આવેલી રકમ ચુકવવામાં નિષ્ફળ જતાં તેમના દ્વારા ગીરો મુકવામાં આવેલી મિલકત(તો)નો કબજો લેવામાં આવ્યો છે.
નીચે દર્શાવેલ લેણદાર(રો) નોટિસમાં દર્શાવેલી રકમ પરત ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોવાથી લેણદાર(રો) અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે સદર એક્ટની કલમ ૧૩ (૪)ની સાથે અધિનિયમ ૮ મુજબ તેમની મિલકતનો કબજો લેવામાં આવે છે. લેણદાર(રો)ને વ્યક્તિગત રીતે તથા જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના કબજામાં રહેલી નીચે જણાવેલી મિલકતોનો સોદો કરવો નહીં. ધિરાણ કરાર અનુસાર જે તે મિલકતનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડનો છે. લેણદારોનું ધ્યાન ખેંચવામાં આવે છે કે ધી એક્ટની કલમ ૧૩ની પેટા કલમ ૮ અનુસાર તેમની પાસે મિલકત છોડાવવા માટે હજુ પૂરતો સમય છે.

ક્ર. નં.	દેવાદાર(રો)/ સહદેવાદાર(રો)/ શાખાનું નામ	ગીરો રાખવામાં આવેલી સ્થાવર મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટિસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	લોન ખાતા નં. 12300000178/ સુરત પરવત પાટિયા શાખા) સુભાષચંદ્ર દુર્યોધન પટિયાલી (દેવાદાર) ગીતાંજલિ સુભાષચંદ્ર પટિયાલી (સહ દેવાદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, બ્લોક નં. 123, ફ્લેટ નં. 309, ત્રીજા માળે, માધવ કોમ્પ્લેક્સ, સાંઈબાબા નગર, જીવનરક્ષા હોસ્પિટલની પાસે, સાયણ-હેલાડ રોડનાં નાકે, હેલાડ, સુરત, ગુજરાત-394105. **ચતુર્સીમા:** પૂર્વે ફ્લેટ નં. 310, પશ્ચિમે ફ્લેટ નં. 308, ઉત્તરે આંતરિક રોડ, દક્ષિણે પેસેજ અને ફ્લેટ નં. 314.	18-07-2022 ₹ 7,07,472/-	17-12-2022
2	(લોન ખાતા નં. 12300000653/સુરત પરવત પાટિયા શાખા) બાબુભાઈ વાઘાભાઈ ચોસાલા (દેવાદાર) ભાવેશ વાઘજીભાઈ ચોસાલા (સહદેવાદાર) ઘુઘાભાઈ વશરામભાઈ જોગરાણા (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત રે.સ.નં. 360, બ્લોક નં. 347, ફ્લેટ નં. 42, શીવનગર, દાદા ભગવાન મંદિર પાસે, નનસાડ ગામ રોડ, સુરત, ગુજરાત-394185. **ચતુર્સીમા:** પૂર્વે રોડ, પશ્ચિમે અન્ય પ્લોટ, ઉત્તરે પ્લોટ નં. 43, દક્ષિણે પ્લોટ નં. 41.	18-07-2022 ₹ 12,54,584/-	19-12-2022
3	(લોન ખાતા નં. 04200000237/ સુરત શાખા) સુશાંત ખલી બાડત્યા (દેવાદાર) લક્ષ્મી સુશાંત બાડત્યા (સહ દેવાદાર) રાકેશભાઈ કિર્તનભાઈ બાડત્યા (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત બ્લોક નં. 572 20 1 2 ફ્લેટ નં. 103, પહેલે માળે, ઉમા રેસિડેન્સી સીએનજી પંપની સામે, સાયણ કીમ રોડ, સાયણ, સુરત, ગુજરાત-394130. **ચતુર્સીમા:** પૂર્વે ફ્લેટ નં. 102, પશ્ચિમે અન્ય મિલકત, ઉત્તરે અન્ય મિલકત, દક્ષિણે પેસેજ.	13-06-2022 ₹ 4,23,380/-	17-12-2022
4	(લોન ખાતા નં. 12300001563/ સુરત પરવત પાટિયા લાંચ) કાલુ મેનારિયા (દેવાદાર) પૂજા શર્મા (સહ દેવાદાર) રાકેશકુમાર તાન્યા (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, રે.સ.નં. 413 3 413 4, બ્લોક નં. 56, ફ્લેટ નં. બી-10, શ્રીજા માળે, ઓમ સાંઈ શ્રદ્ધા કોમ્પ્લેક્સ 1 પ્લોટ નં. 21 થી 28, શ્રીજી મોલ, સાયણ સિવાન રોડ, સાયણ સુરત, ગુજરાત-394130. **ચતુર્સીમા:** પૂર્વે ખૂલ્લી જગ્યા, પશ્ચિમે ફ્લેટ નં. બી-9, ઉત્તરે ખૂલ્લી જગ્યા, દક્ષિણે પેસેજ અને ફ્લેટ નં. બી-1 ત્યારબાદ રોડ.	18-07-2022 ₹ 7,64,169/-	17-12-2022
5	(લોન ખાતા નં. 12300001109/ સુરત પરવત પાટિયા લાંચ) લલિતાબેન રામજીભાઈ ગુપ્તા (દેવાદાર) શશી રામજીભાઈ ગુપ્તા (સહદેવાદાર) ઈલ્યાસ સુબેદાર ખાન (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, રે.સ.નં. 108 1 107 પૈકી, 109, પ્લોટ નં. 154, શ્રી નિલકંઠ રેસિડેન્સી, કીમ સાયણ રોડ, સાયણ સુગર ફેક્ટરીની પાસે, સુરત, ગુજરાત-394540. **ચતુર્સીમા:** પૂર્વે ગાર્ડન, પશ્ચિમે રો-હાઉસ નં. 153, ઉત્તરે રોડ, દક્ષિણે પ્લોટ નં. 143.	21-07-2022 ₹ 8,58,229/-	17-12-2022
6	(લોન ખાતા નં. 15000000083/ કીમ લાંચ) પરમિલા સંજય સિંહ (દેવાદાર) સંજય સિંહ રામકંકબાલ સિંહ (સહ દેવાદાર) રામ અભિલાખ યાદવ (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, રે. બ્લોક નં. 579, ફ્લેટ નં. 404, ચોથે માળે, ક્રિષ્ના રેસિડેન્સી, સહારા પાર્ક, સાયણ સીએનજી પંપની સામે, સાયણ કીમ રોડનાં નાકે, સુરત, ગુજરાત-394130. **ચતુર્સીમા:** પૂર્વે પેસેજ અને ફ્લેટ નં. 401, પશ્ચિમે ખૂલ્લી જગ્યા, ઉત્તરે રોડ, દક્ષિણે ફ્લેટ નં. 403.	13-06-2022 ₹ 8,79,093/-	17-12-2022
7	(લોન ખાતા નં. 04200000089/ સુરત શાખા) પ્રેમજીભાઈ મેગરાજભાઈ જુગા (દેવાદાર) નાથીબેન પ્રેમજીભાઈ ચૌધરી (સહ દેવાદાર) પંકજકુમાર બચુભાઈ નાયક (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, બ્લોક નં. 164, ફ્લેટ નં. બી-303, ત્રીજા માળે, સાંઈ દર્શન રેસિડેન્સી, ગોદાવરી ઈન્ડસ્ટ્રીઝની સામે, ગામ સીવાન, ઓલપાડ, સુરત, ગુજરાત-394540. **ચતુર્સીમા:** પૂર્વે પેસેજ અને ફ્લેટ નં. બી-302, પશ્ચિમે ઓટીએસ અને ફ્લેટ નં. સી-303, ઉત્તરે ફ્લેટ નં. બી-304, દક્ષિણે ફ્લેટ નં. બી-303.	13-06-2022 ₹ 5,72,161/-	17-12-2022
8	(લોન ખાતા નં. 04200001924/ સુરત શાખા) ભાર્ગવ વિજુભાઈ સોની (દેવાદાર) નેહા ભાર્ગવકુમાર સુરુ અને મીનાબેન વિનોદભાઈ સુરુ (સહદેવાદાર) ચંદ્રેશ હીરપરા (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત બ્લોક નં. 120, પ્લોટ નં. 53, સૌરાષ્ટ્ર ગ્રીન સિટી, ગોથાણ વેલંજા રોડ, રંગોલી ચોકડી પાસે, સુરત, ગુજરાત-394130. **ચતુર્સીમા:** પૂર્વે પ્લોટ નં. 54, પશ્ચિમે પ્લોટ નં. 52, ઉત્તરે અન્ય પ્લોટ, દક્ષિણે આંતરિક રોડ.	13-06-2022 ₹ 23,88,553/-	17-12-2022
9	(લોન ખાતા નં. 04200002226/ સુરત શાખા) વદનાબેન હરેશભાઈ ચાંપાનેરા (દેવાદાર) હરેશભાઈ એસ. ચાંપાનેરા (સહ દેવાદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત બ્લોક નં. 348, ફ્લેટ નં. 104, પહેલે માળે, શિવમ રેસિડેન્સી, નહેરૂનગર કો.ઓ.હા.સો. કામરેજ ચાર રસ્તા, કામરેજ, સુરત, ગુજરાત-395004. **ચતુર્સીમા:** પૂર્વે લાગુ સોસાયટીનો રોડ, પશ્ચિમે લાગુ પ્લોટ નં. બી-1/પેસેજ અને ફ્લેટ નં. 103, ઉત્તરે લાગુ પ્લોટ નં. બી-10 ફ્લેટ નં. 105, દક્ષિણે લાગુ સોસાયટીનો રોડ.	13-06-2022 ₹ 8,28,942/-	19-12-2022
10	(લોન ખાતા નં. 04200000616/ સુરત લાંચ) મહેન્દ્ર શાંતારામ મોરે (દેવાદાર) સવિતા ભીમરાવ પાટીલ (સહ દેવાદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, પ્લોટ નં. 11, બ્લોક નં. 579, ફ્લેટ નં. 204, બીજા માળે, ક્રિષ્ન રેસિડેન્સી, સીએનજી પંપની સામે, સહારા પાર્ક, સાયણ કીમ રોડ, સાયણ સુરત, સુરત, ગુજરાત-394130. **ચતુર્સીમા:** પૂર્વે પેસેજ અને દાદર, પશ્ચિમે રોડ, ઉત્તરે રોડ, દક્ષિણે ફ્લેટ નં. 203.	11-07-2022 ₹ 9,44,985/-	17-12-2022
11	(લોન ખાતા નં. 04200001522/ સુરત લાંચ) સાગર મધુભાઈ નકુમ (દેવાદાર) મંજુબેન મધુભાઈ નકુમ (સહ દેવાદાર) અલ્પેશભાઈ ભીખાભાઈ પાટોડિયા (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, રે.સ.નં. 29 1, બ્લોક નં. 37, ફ્લેટ નં. 206, બીજે માળે, રાધેક્રિષ્ન પેલેસ, રાધેક્રિષ્ન સોસાયટી, દસ્તાન ફાટક પાસે, સુરત, ગુજરાત-394130. **ચતુર્સીમા:** પૂર્વે ફ્લેટ નં. 205, પશ્ચિમે ફ્લેટ નં. 207, ઉત્તરે પેસેજ, દક્ષિણે ખૂલ્લો પ્લોટ.	11-07-2022 ₹ 6,44,426/-	19-12-2022
12	(લોન ખાતા નં. 04200001593/ સુરત લાંચ) મિતેશ ભરતભાઈ ઠુંમર (દેવાદાર) મુક્તાબેન ઠુંમર (સહ દેવાદાર) ભાવેશભાઈ વિરાજભાઈ આશોદરિયા (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, રે.સ.નં. 214, બ્લોક નં. 214, ફ્લેટ નં. સી-204, બીજે માળે, રાધે રેસિડેન્સી, બિલ્ડીંગ નં. સી, વેદનગરી કેનાલ રોડ, હંસદેવ પ્લાઝાની પાસે, સુરત, ગુજરાત-394185. **ચતુર્સીમા:** પૂર્વે બિલ્ડીંગ નં. બી, પશ્ચિમે પેસેજ અને ફ્લેટ નં. 203, ઉત્તરે રોડ, દક્ષિણે ફ્લેટ નં. 205.	11-07-2022 ₹ 8,47,270/-	19-12-2022
13	(લોન ખાતા નં. 12300000919/ સુરત પરવત પાટિયા લાંચ) પુષ્પાબેન નરેશભાઈ બિનેકર (દેવાદાર) નરેશ વિઠોબા બિનેકર (સહ દેવાદાર) સંજયકુમાર ભાવરાવ કુંભારે (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, રે.સ.નં. 279 1, બ્લોક નં. 72 એ, ગ્રાઉન્ડ ફ્લોર, સિદ્ધિ રેસિડેન્સી કીમ સાયણ રોડ, ગામ કારેલી, સુરત, ગુજરાત-394185. **ચતુર્સીમા:** પૂર્વે રોડ, પશ્ચિમે પ્લોટ નં. 72-બી, ઉત્તરે પ્લોટ નં. 71-એ, દક્ષિણે રોડ.	18-07-2022 ₹ 14,81,745/-	17-12-2022
14	(લોન ખાતા નં. 12300001040/ સુરત પરવત પાટિયા લાંચ) કુંતાબેન ઈશ્વરભાઈ વસાવા (દેવાદાર) ઈશ્વરભાઈ ખાનસિંગભાઈ વસાવા, જીજ્ઞેશભાઈ ઈશ્વરભાઈ વસાવા (સહ દેવાદાર) જીતેન્દ્રસિંહ મધુસિંહ ઠાકોર (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, રે.સ.નં. 371 1 301, બ્લોક નં. 4, ફ્લેટ નં. 302, ત્રીજે માળે, ઓમ સાંઈ રેસિડેન્સી, ધરમ રેસિડેન્સી, સાયણ સુગર ફેક્ટરીની પાસે, સાયણ કીમ રોડના નાકે, સુરત, ગુજરાત-394130. **ચતુર્સીમા:** પૂર્વે રોડ, પશ્ચિમે પેસેજ અને ફ્લેટ નં. 303, ઉત્તરે ફ્લેટ નં. 301, દક્ષિણે ખૂલ્લો પ્લોટ.	18-07-2022 ₹ 6,49,688/-	17-12-2022
15	(લોન ખાતા નં. 12300001082/સુરત પરવત પાટિયા લાંચ) સોનલબેન મહેશભાઈ સોલંકી (દેવાદાર) મહેશભાઈ બચુભાઈ સોલંકી (સહદેવાદાર) અશ્વિકુમાર કાલિદાસ સોલંકી (જામીનદાર)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત, રે.સ.નં. 371 1 301, બ્લોક નં. 4, ફ્લેટ નં. 303, ત્રીજે માળે, ઓમ સાંઈ રેસિડેન્સી, ધરમ રેસિડેન્સી, સાયણ સુગર ફેક્ટરીની પાસે, સાયણ કીમ રોડના નાકે, સુરત, ગુજરાત-394130. **ચતુર્સીમા:** પૂર્વે રોડ, પશ્ચિમે પેસેજ અને ફ્લેટ નં. 302, ઉત્તરે ફ્લેટ નં. 304, દક્ષિણે ખૂલ્લો પ્લોટ.	18-07-2022 ₹ 8,53,128/-	17-12-2022

સ્થળ: ગુજરાત
તા. ૨૨.૧૨.૨૦૨૨

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

TATA

રજિ.ઓફિસ : ૧૧મા માળે, ટાવર - એ, પેનીન્સ્યુલા બિઝનેસ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩ .
બ્રાન્ચનું સરનામું: ઓફિસ નં.૨૦૮ થી ૨૧૨, બીજા માળે, ઈકો કુટુર્ઝ, ખાતુ શ્યામજી મંદિરની નજીક, ન્યુ સીટી લાઈટ રોડ, સુરત - ૩૯૫૦૦૭

સ્થાવરમિલકતના વેચાણ માટેની નોટીસ

(સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૯(૧) અંતર્ગત)

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨ (એકટ) સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૯(૧) અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ - ઓકશન નોટીસ

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદાર અને /સહ દેવાદાર અથવા તેમના કાનૂની વારસદારો/પ્રતિનિધિઓ (દેવાદારો) જેમની નીચે જણાવેલ સ્થાવર મિલકત જે ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ. (ટીસીએચએફએલ) પાસે ગીરો મુકેલ હતી, જેનો વાસ્તવિક કબજો ટીસીએચએફએલના અધિકૃતઅધિકારીએ લીધેલ છે, જેનું **વેચાણ ૧૨-૦૧-૨૦૨૩ના** રોજ ' જેમ છે જ્યાં છે' અને 'જે છે' અને ' જે છે તે છે ' અને ' ગમે ત્યાં હોય'ના ધોરણે નીચે જણાવેલા દેવાદારો અને સહ દેવાદારોના બાકી લેણાની વસુલાત માટે કરવામાં આવનાર છે.અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટની જાણકારી નીચે મુજબ છે. આથી નોટીસ આપવામાં આવે છે કે કોઈ પણ સ્થગિત કરવાના/ વેચાણ બંધ કરવાના નર્ણયિની ગેરહાજરીમાં ઉકત સંપત્તિ/મિલકતનું ઈ - ઓકશન દ્વારા **૧૨-૦૧-૨૦૨૩ના** રોજ બપોરે ૦૨.૦૦ વાગ્યે કરવામાં આવશે. ઈ -ઓકશનમાં ભાગ લેવા માટે બીડરોએ સીલ્ડ કવરમાં ઈએમડીની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ ટીસીએચએફએલના અધિકૃત અધિકારીને **૧૧-૦૧-૨૦૨૩ના** સાંજે ૫.૦૦ કલાક સુધીમાં ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ.ની બ્રાન્ચ સરનામું: ઓફિસ નં.૨૦૮ થી ૨૧૨, બીજા માળે, ઈકો કુટુર્ઝ, ખાતુ શ્યામજી મંદિરની નજીક,ન્યુ સીટી લાઈટ રોડ, સુરત - ૩૯૫૦૦૭ ખાતે પહોંચાડવાનું રહેશે. ગીરો સ્થાવર મિલકતનું વેચાણ 'જ્યાં જે સ્થિતીમાં છે 'ના ધોરણે થશે જેની વિગતો નીચે જણાવ્યા મુજબની છે :

ક્ર. નં.	લોન ખાતા નં.	દેવાદાર(રો), સહ દેવાદાર (રો), કાનૂની વારસદાર(રો), કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની બાકી રકમ અને ડીમાન્ડ નોટીસની તારીખ	અનામત કિંમત	અર્નેસ્ટ મની
1	10413290 & 10461313	**શ્રીમતી દમયંતિબેન ઘનશ્યામભાઈ જાની, શ્રી ઘનશ્યામભાઈ શાંતિભાઈ જાની**	**રૂ.૪,૦૪,૯૫૭/-** (રૂપિયા ચાર લાખ ચાર હજાર નવસો સત્તાવન પુરા) બાકી લોન એગ્રીમેન્ટ નં. ૧૦૪૧૩૨૯૦૦ના અને **રૂ. ૫,૬૪,૧૦૦/-** (રૂપિયા પાંચ લાખ ચોંસઠ હજાર એકસો પુરા) બાકી એગ્રીમેન્ટ નં. ૧૦૪૬૧૩૧૩ ના મળી કુલ **રૂ.૯,૬૯,૦૫૭** (રૂપિયા નવ લાખ ઓગણોસિત્તેર હજાર સત્તાવન પુરા) તા.૦૨-૦૬-૨૦૨૧	Rs. 5,40,000/- (રૂપિયા પાંચ લાખ આલીસ હજાર પુરા)	Rs. 54,000/- (રૂપિયા ચોપ